જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૪/૨૦૧૭ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૭૭/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૦૩ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩,૮૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૭૮/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૭૭૯/૧૭**

**શહેરકોટડાઃ** બાપુનગર સ્ટાર હોસ્પીટલના મેનેજર ધર્મેશભાઈ વાસુદેવભાઈ કંધારી (રહે, ઓરચેડ ગ્રીન સોસાયટી, ગીરધરનગર શાહીબાગ) એ તા.૧૩/૪/૧૭ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૧/૧૭ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન ડાહીબહેન ડાહ્યાભાઈ પટેલ (રહે, દેવસુષ્ટી એપાર્ટમેન્ટ, રસપાન ચોકડી, નિકોલ) એ બાપુનગર સ્ટાર હોસ્પીટલ ખાતે દર્દી દાખલ કરી સારવાર કરાવી તેમની પાસેથી લેવાના નિકળતા નાણા ૯૦,૦૦૦/- ભરેલ ના હોય અને તેઓએ આપેલ ચેક સ્ટોપ કરાવી દીધો હતો. અને નીતેષ લક્ષ્મણસિંગ ચૌધરી (રહે, શિવનારાયણ સોસાયટી, ભાર્ગવરોડ કુબેરનગર) એ પણ દર્દી દાખલ કરી સારવાર કરાવી તેઓની પાસેથી લેવાના નિકળતા નાણા ૨૯,૪૨૬/- આજદીન સુધી નહી ભરી આપેલ ચેક સ્ટોપ કરાવી વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.બી.સોલંકી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૭૮૦/૧૭**

**વસ્ત્રાપુરઃ** મૃગેશભાઈ મહેશભાઈ ત્રીવેદી (રહે. હવેલી બંગ્લોઝ, ટી.વી ટાવર પાછળ, ડ્રાઈવ ઈન સિનેમા સામે બોડકદેવ) એ તા.૧૩/૪/૧૭ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૪/૧૭ રાતના ૧૧/૧૫ થી તા.૧૩/૪/૧૭ સવારના ૭/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી સોનાના દાગીના, લેપટોપ અને રોકડ રૂપિયા ૨૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૯૩,૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ભાવેશભાઇ ગિરિશભાઇ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આનંદનગરઃ** જીગ્નેશભાઈ સ/ઓ શાંતીલાલ પોપટ (રહે. સ્વરીન એપાર્ટમેન્ટ બકેરી સીટી વેજલપુર) એ તા.૧૩/૪/૧૭ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૪/૧૭ રાતના ૧૧/૦૦ થી તા.૧૩/૪/૧૭ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન વસ્ત્રાપુર રેલવે ક્રોસીંગ પ્રશાંતપાર્ક સોસાયટી ખાતે આવેલ પોતાની શ્રીજી ટ્રેડર્સ નામની દુકાન નંબર-૧ ના દરવાજાનુ શટર ઉંચુ કરી અજાણી વ્યક્તિ દુકાનમાંથી સોપારીની બોરી નંગ-૧૨ કિમત રૂપિયા ૧,૯૨,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૫,૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.ચૌધરી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૭૮૧/૧૭**

**સેટેલાઈટઃ** અજય રાજેશ સને (રહે. પારદર્શક સોસાયટી સિધ્ધી વિનાયક બીલ્ડીંગ્ની બાજુમાં એચ.પી.પેટ્રોલ પમ્પની પાછળ શિવરંજની ચાર રસ્તા સેટેલાઈટ) એ **સેટેલાઈટ** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૪/૧૭ કલાક ૫/૦૦ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાંથી મોબાઈલ ફોન અને લેપટોપ મળી કુલ કિમત રૂપિયા ૪૨,૦૦૦/- મત્તાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ભગવાનભાઈ મોતીભાઈ ચલાવે છે.

**માધવપુરાઃ** ભરતસિંહ અજયસિંહ રાજપુત (રહે.ગુર્જર રત્ન એપાર્ટમેન્ટ રાધાસવાની રોડ) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૪/૧૭ ના કલાક ૫/૩૦ થી ૫/૪૫ વાગ્યા દરમ્યાન પ્રેમ દરવાજા રોડ ઉપર આવેલ ભગવતી સીંગચણાની દુકાનની સામે રિક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેઠેલ અન્ય ત્રણ પુરૂષોએ ભરતસિહ રાજપુતની નજર ચુકવી પેન્ટના ખીસ્સામાંથી રોકડ રૂપિયા ૧૪,૪૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.નિનામા ચલાવે છે.

**ઓઢવઃ** જસ્ટીનભાઇ સ/ઓ દુધાભાઇ પટેલ (ઉ.વ.૫૬) (રહે. પદમશાલી સોસાયટી વિરાટનગર જૈતુન ચર્ચની પાસે વિરાટનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૪/૧૭ રાતના ૧૦/૩૦ થી તા.૧૩/૪/૧૭ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના રહેણાંકની ખુલ્લી જગ્યા માંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૨૦,૦૦૦/-, કાંડા ઘડીયાળ નંગ-૫ અને રોકડ રૂપિયા ૧૫૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૧,૫૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી દિનેશભાઇ હરજીભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૮૨/૧૭**

**વટવાઃ** યશ સન\ઓફ ચેતન્ય પ્રજાપતી (ઉ.વ.૨૦) (રહે. વૈજનાથ સોસાયટી મહાદેવ પાસે ઘોડાસર વટવા) એ અગમ્ય કારણસર તા.૧૩/૪/૧૭ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જગાભાઈ સોમાભાઈ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)